# અમેરિકાના B-1/B-2 વિઝાના ઈન્ટરવ્યૂમાં વારંવાર પૂછાતા પ્રશ્નો

**અમેરિકા વિઝા ગાઈડ**

★ ડો. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)

જો તમારે બિઝનેસના કાર્ય માટે અથવા તો ફરવા માટે, ટૂંક સમય માટે, અમેરિકામાં જવું હોય તો તમારે નોન ઈમિગ્રન્ટ શ્રેણીના 'B-1/B-2' સંજ્ઞા ધરાવતા વિઝા મેળવવાની જરૂરિયાત રહે છે. આ વિઝા ઉપર ઈમિગ્રેશન ઓફિસર તમને વધુમાં વધુ છ મહિના અમેરિકામાં રહેવાની પરવાનગી આપી શકે છે. જો કોઈ અનિવાર્ય કારણસર તમારે છ મહિનાથી વધુ અમેરિકામાં રહેવું હોય તો અરજી કરીને તમે સમય લંબાવી શકો છો.

ઈન્ટરવ્યૂમાં તમને નીચેના યા એના જેવા સવાલો પૂછવામાં આવે છે અને યોગ્ય ઉત્તર મળતા વિઝા આપવામાં આવે છે.

1) આપ અમેરિકા શા માટે જવા ઈચ્છો છો?
2) ત્યાં શું શું જોવાના છો?
3) ક્યાં રહેશો?
4) એ હોટેલ/મોટેલની જાણ તમને કેવી રીતે થઈ?
5) આંતરિક પ્રવાસ કેવી રીતે કરશો?
6) કેટલો સમય અમેરિકામાં રહેવા ઈચ્છો છો?
7) અમેરિકા જવા-આવવાનો અને ત્યાં રહેવા-ફરવાનો તમારો અંદાજિત ખર્ચો કેટલો આવશે?
8) એ ખર્ચો કોણ પૂરો પાડશે?
9) તમે ઈન્ડિયામાં શું કરો છો?
10) તમારી વાર્ષિક આવક કેટલી છે?
11) તમે કેટલી વ્યક્તિઓને તમારા ધંધામાં નોકરીમાં રાખો છો?
12) અમેરિકામાં તમારું કોણ છે?
13) એ વ્યક્તિને તમે મળવાના છો? એમના ઘરે રહેવાના છો? એમને તમે છેલ્લા ક્યારે મળ્યા હતા?
14)તમારા માટે કોઈએ ઈમિગ્રન્ટ વિઝાનું પિટિશન દાખલ કર્યું છે?
15) તમે આ પહેલા અમેરિકાના કોઈ પણ પ્રકારના વિઝાની અરજી કરી છે?
16) (જો ઉપલા પ્રશ્નનો જવાબ 'હા'માં હોય તો) તમે એ વિઝા ઉપર અમેરિકા ગયા હતા? ત્યાં કેટલો સમય રોકાયા હતા? ક્યાં રહ્યા હતા? શું કર્યું હતું?
17) (જો ઉપલા સવાલનો જવાબ 'ના'માં હોય તો) તમારા વિઝા શા માટે નકારવામાં આવ્યા હતા? ત્યારબાદ એવા શું ફેરફારો થયા છે જેના લીધે તમે તમારી જાતને વિઝાના હકદાર ગણાવી શકો? એ સમયે જે અરજી કરી હતી અને આજે જે અરજી કરી છે એ બે અરજીપત્રકોમાં શું ફેરફારો છે? શું નવું છે?



18) તમે ઈન્ડિયા પાછા આવશો એની ખાતરી શું? શા માટે ઈન્ડિયા પાછા આવશો? શા માટે અમેરિકામાં કાયમ માટે રહી નહીં જાવ? મને એક એવું કારણ દર્શાવો જેનાથી હું આગલા કોન્સ્યુલર ઓફિસરનું નકારનું નિર્ણય હકારમાં ફેરવી શકું.
19) તમારા ઈન્ડિયામાં નાણાકીય સંબંધો ખૂબ જ ગાઢ છે એવું તમે કહીં શકો? શા ઉપરથી?
20) તમારા ઈન્ડિયામાં કૌટુંબિક સંબંધો ખૂબ જ ગાઢ છે એવું તમે કહી શકો? શા ઉપરથી?
21) આ પહેલાં તમે ઈન્ડિયા બહાર કશે ગયા છો? ક્યાં? કોની જોડે? શા માટે? ત્યાં શું કર્યું હતું? ત્યાં શું જોયું હતું? ક્યાં રહ્યા હતા? એ દેશમાં તમારા કોઈ સગાં-વહાલાં છે?
22) તમે અમેરિકા જ ફરવા જવાનું શા માટે પસંદ કર્યું છે?
23) અમેરિકા આવવા માટે તમને કોઈએ આમંત્રણ પાઠવ્યું છે? એ વ્યક્તિ તમારી કોણ થાય? એ વ્યક્તિ અમેરિકામાં શું કરે છે? તમે એને છેલ્લા ક્યારે મળ્યા હતા?
24) અમેરિકા જોડે તમારા ધંધાકીય સંબંધો છે? કેવા પ્રકારના સંબંધો છે? કોની જોડે છે?
25) તમને ધંધાકીય કારણસર અમેરિકામાં આવવા માટે કોઈએ આમંત્ર્યા છે? એ વ્યક્તિ જોડે તમારો શું સંબંધ છે?
26) તમે અમેરિકામાં કઈ કઈ ધંધાકીય પ્રવૃત્તિઓ કરવાનો ઈરાદો ધરાવો છો?
27) તમે અમેરિકામાં કોઈ પ્રદર્શન યા કોન્ફરન્સમાં હાજરી આપવાના છો? એ પ્રદર્શન/કોન્ફરન્સની જાણ તમને કેવી રીતે થઈ?

**અમેરિકામાં જવું હોય તો તમારે નોન ઈમિગ્રન્ટ શ્રેણીના 'B-1/B-2' સંજ્ઞા ધરાવતા વિઝા મેળવવાની જરૂરિયાત રહે છે. આ વિઝા ઉપર ઈમિગ્રેશન ઓફિસર તમને વધુમાં વધુ છ મહિના અમેરિકામાં રહેવાની પરવાનગી આપી શકે છે**

28) તમે એમ જણાવો છો કે તમે અમેરિકા અંગત સગાને મળવા માટે જવા ઈચ્છો છો અને એમની જોડે અમેરિકાના જોવાલાયક સ્થળો જોવા જશો તો એ બાબતનો વિગતવાર પ્લાન ઘડ્યો છે?
29) તમે એમ જણાવો છો કે તમે અમેરિકામાં જુદા જુદા વ્યાપારીઓને મળવાના છો તો એ બાબતનો તમે કોઈ બિઝનેસ પ્લાન ઘડ્યો છે? એ વ્યાપારીઓને ક્યારે અને ક્યાં મળવાના છો? એમની જોડે શું વાતચીત કરવાના છો? એમને રૂબરૂ મળવાની શું અગત્યતા છે?
30) (જો તમને અંગ્રેજી આવડતું ન હોય તો) તમને અંગ્રેજી આવડતું નથી તો તમે અમેરિકામાં કેવી રીતે ફરી શકશો? કેવી રીતે ધંધાકીય વાતચીત કરી શકશો?
31) (જો તમને અંગ્રેજી આવડતું ન હોય તો) તમારું વિઝાનું આ અરજીપત્રક કોણે ભર્યું છે? એ વ્યક્તિએ એનું નામ અને એનો તમારી જોડેનો સંબંધ અરજીપત્રકમાં જણાવ્યો છે?
32) મને એવું એક કારણ દર્શાવો જેથી મને ખાતરી થાય કે તમે ઈન્ડિયા પાછા આવશો?

---

## ઉમ્ર કા બાક઼ી સફ઼ર કરના હૈ ઈસ શર્ત કે સાથ
## ધૂપ દેખેં તો ઉસે સાયે સે તાબીર કરેં

**- શહરયાર**



જીવનની બાકી મજલ આ શર્ત સાથે પસાર કરવી છે, તડકો જુઓ તો તેનું છાંયડા તરીકે અર્થઘટન( તાબીર ) કરો. હવે પછીનું જીવન( ઉમ્ર ) એવી શરત સાથે જીવવું છે કે જો ક્યાંક તડકો( ધૂપ ) જોવા મળે તો તેને છાંયા( સાયે ) તરીકે ગણીને આગળ વધવું. તડકો એટલે મુસીબત, તડકો એટલે સંકટ. એવી કોઈ પણ મુસીબતની ક્ષણ આવે ત્યારે ધીરજથી આગળ વધવાનું. કોઈ પણ સ્થિતિમાં નિરાશ નહીં થવાનું. જીવનમાં કોઇ આફત કે સંકટ આવે ત્યારે તેને કોઈ સંકટની જગ્યાએ કોઈ ઉપકાર કરતું હોય તેવું ગણીને આગળ વધવું. મુસીબતમાં પણ જે મનોબળ જાળવી રાખે છે તેને કોઈ સંકટ પજવી શકે નહીં. મનોબળ મજબૂત હોય તો કોઈ સંકટ વધુ સમય ટકી શકે નહીં. બાકી જીવન એ રીતે જીવવાનું છે કે જીવનસફરમાં ક્યાંક તડકો દેખાય તો તેને છાંયડો ગણી લેવો. આખું જીવન કંઇ છાંયડો મળવાનો નથી. જીવનમાં જયારે પણ કોઈ મુશ્કેલીનો સામનો કરવાનો આવે ત્યારે મનોબળને મજબૂત રાખીને સંકટની ઘડીને પસાર કરી દેવી જોઇએ. જો કોઈ સંકટને જોઇને ડરી જઇએ તો જીવનની સફરમાં રૂકાવટ આવી શકે. બાકી જીવનની મજલ આ રીતે કાપવી જોઇએ કે જે ક્ષણે તમને કોઇ પણ આફત ઘેરી વળે ત્યારે તમારે તે આફતને કૃપા ગણીને એ કપરો સમય પસાર કરી લેવો જોઇએ. જીવનમાં ઘણી વખત સંકટ આવે ત્યારે તમને ઘણું શીખવા મળે. સંકટના સમયે જ તમને તમારી આસપાસના લોકોની સાચી પરખનો સમય મળે. સંકટનો સમય માણસને ઘણું શીખવી જતો હોય છે. કેટલીક વખત સંકટ તમારા જીવનની દિશા બદલી નાંખનારો સાબિત થતો હોય છે. સંકટના સમયે જ તમારી આંતરિક શક્તિનો તમને અનુભવ થાય છે. સંકટ આવે ત્યારે નાસીપાસ થવું નહીં. સંકટ તમારી કસોટી લેવા માટે આવે છે. આવા સંકટના સમયને તમે ઇશ્વરની કૃપા સમજી લો તો બેડો પાર થઈ જાય. સંકટના સમયમાં જ તમે ઇશ્વરની સમીપે રહો છો. આમ જીવનનો બાકી હિસ્સો જો તમે તડકાને છાંયડો ગણી લેવાનું શીખી લો તો તમારું બાકીનું જીવન હેમખેમ પસાર થઇ જાય. આમ તો જીવનની દરેક ક્ષણ તમારી કસોટી લેતી હોય છે. ઘણી વાર છાંયામાં પણ તમને તડકાનો અનુભવ થાય. માણસ જો તેના મનોબળને જાળવી રાખે તો ગમે તેવી મુસીબતમાં પણ રસ્તો નીકળે છે.